## ગાંધીનગર આઈ.ટી.આઈ. ખાતે હોટલ મેનેજમેન્ટ કોર્ષના ફોર્મ ૩૦મી સુધી ભરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના સે. ૧૫ સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે નવા સત્ર માટે હોટલ મેનેજમેન્ટના વિવિધ કોર્ષ માટે પ્રવેશની કાર્યવાહી સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવી છે. ૬ માસના અભ્યાસ ક્રમ મુજબ ત્રણેય કોર્ષ હાઉસકિપિંગ, ફુડ પ્રોડક્શન, ફુડ એન્ડ બેવરેજીસ સર્વીસીસ માટે ૨૫-૨૫ બેઠકો મળી કુલ ૭૫ બેઠકો ભરવાની રહેશે. કોર્ષમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આગામી તા. ૩૦મી જુલાઈ ૨૦૧૫ સુધી આપવામાં આવશે. વધુ માહિતી અને પ્રવેશ ફોર્મ ભરવા માટે ગાંધીનગર આઈ.ટી.આઈ. હોસ્ટેલ બિલ્ડીંગ સે. ૧૫ ખાતે રૂબરૂ મુલાકાત લેવાની રહેશે.

## બ્રહ્મસમાજ દ્વારા કલાસિસ શરૂ કરાશે

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા જીપીએસસી દ્વારા લેવાનાર પીએસઆઈ અને એએસઆઈના મૌખિક ઈન્ટરવ્યુ માટેની તૈયારી માટે બ્રહ્મભવન સેકટર-૧૬ ગાંધીનગર ખાતે બ્રહ્મસમાજના યુવક યુવતીઓ માટે કોઈ પણ જાતની ફી વગર કલાસીસ શરુ કરવામાં આવનાર છે. બ્રહ્મ સમાજના જે કોઈ યુવક યુવતીઓને ઈન્ટરવ્યુ કોલ મળેલ હોય તેઓએ કલાસીસ જોઈન્ટ કરવા બ્રહ્મસમાજ કાર્યાલય અથવા મોબાઈલ નં. ૯૮૯૮૦ ૩૨૬૫૯ ઉપર નરેન્દ્ર વ્યાસનો સંપર્ક કરવા શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલ દ્વારા જણાવવામાં આવેલ છે.




### ૨૮ મેડલ્સ મેળવી ગાંધીનગરનું નામ રોશન કર્યું

અમદાવાદ સ્થિત સેવન્થ ડે હાઈસ્કુલમાં યોજાયેલ ત્રીજી ગુજરાત સ્ટેટ ટેંગ સુડો સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશનની ટીમે બાજી મારી ૨૮ મેડલ્સ મેળવી પાટનગરનું નામ રોશન કર્યું છે. વિજેતા ટીમ અને ખેલાડીઓએ હેતલ પરમાર અને પૂજા દવેના નેતૃત્વમાં કોચ જતીન દવે અને અજય જાડેજાના માર્ગદર્શનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતા સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશભાઈ અને અશ્વિનભાઈએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## રમઝાન-ઈદના પર્વ પર રાજયપાલશ્રીની શુભકામનાઓ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાજયના મુસ્લિમ સમાજને પવિત્ર ઈદ-ઉલ-ફિત્રની હાર્દિક મુબારકબાદી પાઠવી છે.

રાજયપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છેકે ઈદનો તહેવાર સમાજ જીવનમાં પ્રેમ, શાંતિ અને પરસ્પર સદભાવને સુદૃઢ બનાવશે અને રાજયમાં સુખ સમૃદ્ધિમાં વૃદ્ધિ કરનાર બની રહેશે.

## હરિની દૃષ્ટિ...




ગઈસાલ મે જગન્નાથજી પાસે અચ્છે દીન આવે એવું માગ્યું હતું... આ વખતે નથી માંગવાનો...!!

## ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓએ એન.આઈ.સી. કેમ્પમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૭

પંજાબના અમૃતસર ખાતે નેશનલ ઈન્ટ્રીગેશન કેમ્પ યોજાયો હતો. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ગાંધીનગર સેક્ટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા કોલેજની એન.એસ.એસ. યુનિટની ૭ વિદ્યાર્થીનીઓ પસંદગી પામી હતી. એન.આઈ.સી. કેમ્પમાં વિદ્યાર્થીનીઓએ પરેડ, દોડ, યોગા સહિતની સ્પર્ધાઓમાં ભાગ લઈ કોલેજનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીનીઓએ અમૃતસર, વાઘા બોર્ડર, ગોલ્ડન ટેમ્પલ અને જલિયાવાલા બાગની મુલાકાત લીધી હતી. ૭ કેડેટ્સને એન.સી.સી. ઈન્ચાર્જ, પ્રો. સોનલ મોદી, આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## વણકર સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનું સન્માન કરશે

શ્રી છેડાલ પરગણા વણકર સમાજ ગાંધીનગર દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ, સમાજના સરકારમાં બઢતી, નિમણુંક પામેલા અને સેવા નિવૃત્ત કર્મચારીઓનું સન્માન કરવામાં આવનાર છે તેમજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં પણ આવેલ છે. ત્યારે ધોરણ-૧૦માં ૭૦ ટકા તેમજ ધોરણ-૧૨ અને સ્નાતક કક્ષાએ ૬૦ ટકા ગુણ મેળવેલ વિદ્યાર્થીઓએ સમાજના પ્રમુખ કાંતિભાઈને પોતાની વિગત મોકલી આપવા જણાવ્યું છે.

# રાજયના બજારોમાં મંદીનો ઓછાયો

## વરસાદ ખેંચાતા વ્યાપાર-ધંધા ઉપર પડેલી માઠી અસરો, વેપારીઓની હાલત કફોડી

ગાંધીનગર, તા.૧૭

રાજયભરના બજારો હાલ ભારે મંદીનો સામનો કરી રહ્યા છે. લોકો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પણ જરૂર પુરતી ખરીદ કરી સંગ્રહ કરવાનું ટાળી રહ્યા છે. જેથી બજારોમાં ઘરાકી નામ પૂરતી જણાઈ રહી છે. બીજી તરફ વરસાદ ખેંચાતા ખેતી ઉપર નભતા લોકો પણ સંયમી જીવન જીવી રહ્યા છે જેથી વ્યાપાર ધંધા ઉપર તેની માઠી અસરો વર્તાઈ છે. જેમાં માલ સ્ટોક કરીને ઘરાકીની રાહ જોતા વેપારીઓની હાલત કફોડી બની છે.

રાજયના અનાજ, કરીયાણા, શાકભાજી, કાપડ, વાસણ, ઈલેક્ટ્રોનીકસ, ઈલેકટ્રીક, મકાન બાંધકામ ચીજવસ્તુઓ, સ્ટેશનરી, પગરખા, કટલરી અને પરચુરણ વેપાર કરતા બજારોમાં ઘરાકી નહીવત બની છે. લોકો મોંઘવારીનું કારણ આગળ ધરી જરુર પુરતું જ ખરીદ કરી રહ્યા છે. વધુમાં હવે જીવન જરુરી સામગ્રી સહિત દરેક ચીજવસ્તુઓ બારે માસ ઉપલબ્ધ બનતી હોઈ સંગ્રહ કરી નાણાનું રોકાણ કરવાનું લોકો ટાળી રહ્યા છે. વ્યાપાર ધંધામાં ગ્રાહકોને અનેક સ્કીમો રજુ કરી આકર્ષવા મથી રહેલા વેપારીઓ તેમાં પણ નાકામીયાબ નીવડયા છે. દૈનિક અખબારોમાં અનેક વિજ્ઞાપનો થકી ગ્રાહકને બજારમાં લાવવા મથી રહેલા વેપારીઓ મસ મોટો ખર્ચ કરીને નિષ્ફળતાને પામે છે. ત્યારે તેમની સ્થિતિ દયનીય બની રહી છે. જો કે વરસાદ ખેંચાતા સૌથી વધુ ખેતી ઉપર નભતો ખેડુત વર્ગ પણ બજારમાં આવવાનું ટાળી રહ્યો છે. ચોમાસામાં વધુ વેચાતા મીણીયા, છત્રી, રેઈનકોટ વગેરે પણ મંદીની ઝપટમાં આવી ગયા છે જેથી સિઝનેબલ માલ સ્ટોકમાં વિપુલ માત્રામાં નાણાં રોકીને બેઠેલા વેપારીઓ ચિંતાતુર બન્યા છે.

હિન્દુ શાસ્ત્રો મુજબ આગામી તેર માસ સુધી શુભ પ્રસંગો યોજવા વર્જ હોવાથી શુભ પ્રસંગે લેનાર અગાઉથી કરાતી ખરીદી પણ કરતા નથી જેથી પ્રસંગોમાં ઉપયોગી ચીજવસ્તુઓની ઘરાકી પણ હાલ બંધ જેવી થઈ ગઈ છે. જો કે કેટલીક જીવન જરુરી ચીજવસ્તુઓમાં કુત્રિમ અછત દર્શાવી વધુ નફો રળી લેવાની પ્રવૃત્તિ પણ વેપારીઓને નડી રહી હોવાનું પણ જણાઈ રહ્યું છે. આગામી સમયે પવિત્ર શ્રાવણ માસમાં અનેક તહેવારો આવી રહ્યા છે જેથી વેપારીઓ આશાવાદી બન્યા છે છતાં પણ સૌથી મોટો આધાર વરસાદ બન્યો છે. જેથી કુદરત મહેર કરે તો ધંધો રોજગાર ફરીથી ધમધમી શકે તેવી આશા રખાઈ રહી છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)



## સે-૨માં રહેતા પરિણીત યુવાન લાપતા

ગાંધીનગર, તા.૧૭

શહેરના સેકટર-૨-એ સ્વામિનારાયણ મંદિર પાસે રહેતા ૨૫ વર્ષીય પરિણીત યુવાન મુકેશ છેલાભાઈ ઠાકોર ગઈ કાલે સાંજના સાતેક વાગ્યાના અરસામાં ઘરેથી હું શોપીંગ જઈને આવું છું કહીને નીકળ્યો હતો પરંતુ એક દિવસ થઈ ગયા બાદ પણ ઘરે ફરત ફર્યો નથી. યુવાનની પત્નિ રેખાબેને પતિના ગુમ થયા અંગે સે-૭ પોલીસ મથકમાં જાણવા જોગ અરજી આપતા હેડ કોન્સ્ટેબલ અશોકભાઈએ તપાસ શરુ કરી છે.

## અનુસૂચિત જાતિ અતિ પછાત નિગમ દ્વારા માર્ગદર્શન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ડૉ. બાબા સાહેબની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ દ્વારા અનુસૂચિત જાતિના અતિ પછાત જાતિના લાભાર્થીઓ માટે માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૯ જુલાઈ રવિવાર સવારે ૧૦-૦૦ વાગે સરકારી પ્રાથમિક શાળા ગુજરાત હાઉસીંગ બોર્ડ, બી.એસ. સ્કુલ પાસે-ચાંદખેડા ખાતે કેમ્પ યોજાશે. જેમાં મા અમૃતમ યોજના, મા વાત્સલ્ય યોજના, શ્રમિકોને વીમા કવચ, પ્રધાનમંત્રી જનધન યોજના, વિધવા માટેની યોજના અને આધાર કાર્ડ વિશે માહિતી આપવામાં આવશે તેમજ કેમ્પમાં અરજદારોને યોજનાઓના ફોર્મ સ્થળ પર વિતરણ કરવામાં આવશે. મોટી સંખ્યામાં આધાર પુરાવા સાથે અરજદારોને ઉપસ્થિત રહેવા પ્રવિણ પંડયાએ જણાવ્યું છે.

## વિસનગરા નાગર પરિવારના શ્રાવણ માસમાં વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૧૭

શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો તેમજ કાર્તિક માસ સ્નેહમિલન અને ઈનામ વિતરણ સમારોહ યોજાશે.

ગાંધીનગર વિસનગરા નાગર પરિવાર દ્વારા શ્રાવણ માસમાં દર રવિવાર, સોમવાર અને અમાસે રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી શિવ મહિમ્નસ્રોત કરવામાં આવશે જે સભ્યો શિવ મહિમ્ન સ્રોત કરાવવા ઈચ્છતા હોય તેમણે ૧૦ ઓગષ્ટ સુધી મહેશભાઈ રાવલ પાસે નામ નોંધાવવા જણાવ્યું છે. તેમજ પરિવારના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ અને ૭૫ વર્ષ વટાવી ચુકેલા વડીલોનું સન્માન કરવામાં આવશે ત્યારે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓની માર્કશીટ નકલ તેમજ ૭૫ વર્ષ વટાવી ચૂકેલા વડીલોની માહિતી મહેશભાઈ રાવલ પ્લોટ નં. ૧૨૨૨/૨ સે-૭-ડી, દિવ્યાંગભાઈ મહેતા ૫૫૮/૭ સે-૨૩ અને કૌશિકભાઈ રાવલ-૨૨૯ સે-૨૫ને મોકલી આપવા પ્રમુખ સુરેશ મહેતાએ જણાવ્યું છે.



### શિષ્યવૃત્તિ માર્ગદર્શન સેમિનાર અને સમાજ શિક્ષણ શિબિર યોજાઈ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તક નિયામક વિકસતી જાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ લઘુમતી અને વિચરતી વિમુક્ત જાતિઓ માટે અનેક યોજનાઓ કાર્યરત છે. યોજનાઓની માહિતી મળી રહે તે માટે સમાજ શિક્ષણ શિબિર યોજાઈ હતી. સેક્ટર-૨૩ સ્થિત ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ ખાતે ગત ૧૬ જુલાઈના રોજ માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. જેમાં ગાંધીનગર જિલ્લામાં ભારત સરકારની લઘુમતીના વિદ્યાર્થીઓ માટેની પ્રિ મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને મેરીટકમ મીન્સ શિષ્યવૃત્તિની માહિતી આપવામાં આવી હતી. સેમિનારમાં ૨૦૦ જેટલી શાળા કોલેજના ફેકલ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં એમ.પી. ઠાકર જિલ્લા નાયબ નિયામકે વિવિધ યોજનાઓની માહિતી પુરી પાડી હતી. તેમજ સી.ડી.નું વિતરણ કર્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન જે.બી. પ્રજાપતિ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીએ સંભાળ્યું હતું.

## ગેમીએ પર્યાવરણના જતન માટે આઈ.એસ.ઓ. સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સરકારની સ્વાયત્ત સંસ્થા ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (ગેમી)એ પર્યાવરણના જતન, સંરક્ષણ અને નિયમન માટેની પોતાની મેનેજમેન્ટ સિસ્ટમ માટે આઈએસઓ સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યું છે. થોડા મહિના પહેલા જ એટલે કે ફેબ્રુઆરી, ૨૦૧૫માં ગેમીએ ગાંધીનગર ખાતે આવેલી પોતાની અત્યંત આધુનિક ટેસ્ટિંગ લેબોરેટરી માટે કેમિકલ ટેસ્ટિંગની ક્ષમતા માટેનું એનએબીએલ એક્રેડિશન મેળવ્યું હતું, જે પછી માર્ચ મહિનામાં ગેમીની આ લેબોરેટરીને બાયોલોજિકલ ટેસ્ટિંગ માટે પણ આ એક્રેડિશન આપવામાં આવ્યું હતું.

ગેમીને મળેલા આઈએસઓ સર્ટિફિકેટ અંગે પ્રતિક્રિયા વ્યક્ત કરતાં ગેમીના ડાયરેક્ટર આઈએફએસ ડૉ. સંજીવ ત્યાગીએ જણાવ્યું હતું કે આ સર્ટિફિકેટ માત્ર પર્યાવરણના જતન માટે જ નહીં, પરંતુ પર્યાવરણને વધુ સમૃદ્ધ બનાવવા માટેની ગેમીની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. દેશના અન્ય રાજ્યોમાં પ્રદૂષણના નિયંત્રણ માટે નિયમનકારી સંસ્થા તરીકે પોલ્યુશન કંટ્રોલ બોર્ડ કાર્યરત છે, ત્યારે ગુજરાત ગેમી જેવી સંસ્થા પર્યાવરણના રક્ષણ માટેના ખાસ હેતુ અર્થે કાર્યરત છે. સંસ્થા દ્વારા સંખ્યાબંધ સંશોધન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે, જેમાં કોમ્પ્રિહેન્સિવ સરફેસ મોનિટરિંગ, સિટી પોલ્યુશન રેટિંગ ઈન્ડેક્સ, રિજ્યોનલ ગ્રાઉન્ડ વોટર ક્વોલિટી ટેસ્ટિંગ, રાજ્યમાં કાર્યરત હોસ્પિટલ્સની બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમનું મૂલ્યાંકન, ઉદ્યોગો માટે ગ્રીન રેટિંગ, રિજ્યોનલ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એએસમેન્ટ, કચ્છના અખાતની એન્વાયરમેન્ટ કેરિયિંગ કેપેસિટી અને સિંચાઈ માટે સિવેજ વોટરનો ઉપયોગ વગેરેનો સમાવેશ થાય છે.

ગેમી પર્યાવરણ સંબંધિત વિવિધ સેવાઓ પુરી પાડે છે, જેમાં એન્વાયરમેન્ટ મોનિટરિંગ તથા ઓડિટ, પર્યાવરણ સંબંધિત શિક્ષણ-તાલીમ-જાગૃતિ, એક્રેડિશન માટેની સ્કિમ્સ, પર્યાવરણ સંબંધિત ઈન્ડાઈસિંસ વિકસાવવા અને લેબોરેરી સંબંધિત સેવાઓ સમાવિષ્ટ છે. ગેમીની સ્થાપના ગુજરાત સરકારના વન તથા પર્યાવરણ વિભાગ દ્વારા કરવામાં આવી છે અને તેની રચના પાછળનો મૂળ હેતુ વૈજ્ઞાનિક તથા ટેકનિકલ અભ્યાસો હાથ ધરીને રાજ્યના પર્યાવરણનું જતન કરવા માટે જરૂરી પગલા લેવાનો છે. રાજ્યના મુખ્ય સચિવ જી.આર. અલોરિયા (આઈએએસ) ગેમીની ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ છે, જ્યારે વન તથા પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ પુનમચંદ પરમાર (આઈએએસ) તેની એક્ઝિક્યુટિવ કમિટિના વડા છે.

## ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં વારસાઈ ધારા પુસ્તકનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના જાણીતા એડવોકેટ અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય કરણસિંહ વાઘેલા દ્વારા લિખિત વારસાઈધારાના પુસ્તકનું વિમોચન એ.સી.રાવ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં આજરોજ શુક્રવારે ગાંધીનગરના વકીલ કરણસિંહ બી.વાઘેલા દ્વારા લિખિત હિન્દુ વારસાહક અધિનિયમિત-૧૯૫૬ અને ભારતીય વારસા અધિનિયમ-૧૨૫નું વિમોચન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ સેશન્સ કોર્ટના જજ એ.સી. રાવના હસ્તે વિમોચન કરાયું હતું. આ પ્રસંગે ન્યાયાધિશો, સરકારી વકીલો, વકીલો અને મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ પુસ્તક સામાન્ય અરજદારો, વકીલમિત્રો, અધિકારીઓ અને તલાટી જેવા કર્મચારીઓને ઉપયોગી નિવડશે. પુસ્તકનું સંપાદન કરણસિંહ અને સહ-સંપાદન જયદીપસિંહ વાઘેલા એડવોકેટ હાઈકોર્ટે કર્યું હતું.

# શાળાઓનાં પરિણામ સુધારવા માટે એક્શન પ્લાન તૈયાર થયો

## ૩૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓનું પરિણામ સુધારવા માટે ખાસ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો

અમદાવાદ, તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષત્રણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામા લેવાયેલ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ખુબ જ નીચુ આવ્યું હતું. જેનાં પગલે આ પરીક્ષાઓમાં ૩૦ ટકાથી નીચુ પરીણામ ધરાવતી શાળાઓનું પરીણામ સુધારવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા ખાસ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જે મુજબ આ શાળાઓમાં પરિણામ સુધારવા માટે સારુ પરિણામ ધરાવતી શાળાઓની મદદ શિક્ષણ પદ્ધતિઓમાં પરિવર્તન લાવવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૫માં ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં રાજયની ચાર હજાર જેટલી શાળાઓનું પરીણામ ૩૦ ટકાથી પણ નીચુ આવતા શિક્ષણ વિભાગની ઉંઘ હરામ થઈ જવા પામી છે. ત્યારે ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓનું પરિણામ કઈ રીતે સુધરે તેમજ વિદ્યાર્થીઓનું વિષયવાર પરિણામ પણ કેવી રીતે સુધરે તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. આ માટે રાજયના દરેક જિલ્લા શિક્ષણાધીકારીઓને તેમના કાર્યક્ષેત્રમાં આવતી શાળાઓનાં આચાર્યો સાથે બેઠક યોજીને નવા એકસન પ્લાન તૈયાર કરવા માટેની સુચના આપવામાં આવી છે.જે અંતર્ગત નબળુ પરિણામ ધરાવતી શાળાઓનાં આચાર્યને પરિણામ ધરાવતી શાળાઓનાં આચાર્યને પરિણામ સુધારવા માટે શૈક્ષણિક ગુણવતા સુધારવા, શિક્ષકોને વિષય ટેકનીકથી સજજ કરવા એમસીકયુ પ્રશ્નોની વિદ્યાર્થીઓને તાલીમ આપવી ઉચ્ચ પરિણામ ધરાવતી શાળાઓના આચાર્ય શિક્ષકોની મદદ લેવી સહિતના ઉપાયા અમલમાં મુકવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ૩૦ ટકા કરતા નીચુ પરિણામ ધરાવતી શાળાઓનાં આચાર્ય-શિક્ષકોની મદદ લેવી. સહિતના ઉપાયો અમલમાં મુકવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ૩૦ ટકા કરતાં નીચુ પરિણામ ધરાવતી શાળાઓની સમસ્યા જાણીને શાળાઓમાં વિદ્યાર્થીઓનું પરીણા વધે તેવા પ્રયત્નો હાથ ધરવા માટે સુચના આપવામાં આવી છે. ખાસ કરીને ગણિત-વિજ્ઞાન સહિતના જે વિષયોમાં વિદ્યાર્થીઓનું પરિણામ સૌથી નીચુ આવ્યું હોય તેવા વિષયોમાં સારુ પરિણામ ધરાવત શાળાઓમાં શિક્ષકોની મદદ લેવા માટે સુચના આપવામાં આવી છે.

## કચ્છી નવા વર્ષની શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ અષાઢી બીજથી પ્રારંભ થતાં કચ્છીઓના નવા વર્ષના અવસરે તમામ કચ્છી ભાઈ-બહેનોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

તેમના શુભ સંદેશમાં રાજયપાલશ્રીએ કચ્છી નવું વર્ષ સૌના માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધારનાર બની રહે તેવી રાજયપાલશ્રીએ અભ્યર્થના વ્યક્ત કરી છે.

# માર્કસનું ક્રોસ ચેકીંગ કરવાની કોલીંગ સિસ્ટમ હાલ બંધ છે

## ગુણ સુધારવા કૌભાંડની તપાસ ખોરવાય તેવી શંકા : છેલ્લા ત્રણ વર્ષથી કોલિંગ સિસ્ટમ બંધ હાલતમાં પડી છે

અમદાવાદ, તા.૧૭

ગુજરાત યુનિવર્સિટીમાં માર્કમાં સુધારા કરીને ગોલ્ મેડલ મેળવવાનું કૌભાંડ ચર્ચાના ચકડોળે ચડ્યું છે. જો કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા છેલ્લા વર્ષોના રેકોર્ડ સાચવી ન રખાતો હોવાથી પુરાવા નષ્ટ થઈ ગયા હતા.એટલુ જ નહી છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાત યુનિવર્સિટીએ ડેટા એન્ટ્રીમાં મુકાયેલા માર્કસને ઉત્તરવહી સાથે ક્રોસચેક કરવાની સિસ્ટમ પણ કાઢી નાખી છે. જેનાં કારણે આ કૌભાડની તપાસ અધુરી રહે તેવી શકયતા સર્જાવાપામી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં સામ આવેલા ગુણ કૌભાડ મામલે પોલીસે અનેક દિશાઓમાં તપાસ હાથ ધરાઈ છે. જે અંતર્ગત ગત સપ્તાહે કોમ્પ્યુટર એજન્સીના સીપીયુ અને સર્વરને કબજે કરી એર એસ એલમાં મોકલી આપવામાં આવ્યા છે જો કે બીજી બાજુ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ કૌભાંડને લગતા કોઈ પુરાવા સાચવવામાં આવ્યા ન હોવાથી કૌભાંડનું ભીનુ સંકેલાય તેવી શકયતાઓ સર્જાવા પામી છે. પહેલા તો જગ્યાના અભાવે ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો પાછલા એક વર્ષને બાદ કરતાં કોઈ ઉત્તરવહીઓન સાચવી રાખી જ નથ જયારે બીજી બાજુ યુનિવર્સિટીનાં સત્તાધીશો દ્વારા ત્રણ વષ અગાઉ કોલીગ સિસ્ટમ પણ બંધ કરી દેવામાં આવી છે. આ કોલિંગ સિસ્ટમ મુજબ ઉત્તરવહીઓને તપાસ્યા બાદ વિદ્યાર્થીએ મેળવેલા માર્કને ડેટા એન્ટ્રીમાં ઉમેરવામા આવે છે. તેમજ આ ડેટા એન્ટ્રીની હાર્ડકોપી ગુજરાત યુનિવર્સિટીનાં સત્તાધીશોને સોપવામાં આવે છે. સત્તાધીશો વિદ્યાર્થીઓની ઉત્તરવહીમાં મેળવેલા માર્ક અને ડેટા એન્ટ્રીમાં ઉમેરવામાં આવેલા માર્કનું ક્રોસચેક કરીને વિદ્યાર્થીઓના પરિણામને ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવામાં આવે છે. જો કે યુનિવર્સિટીએ આ કોલીંગ સિસ્ટમ જ બંધ કરી દીધી હોવાથી ડેટા એન્ટ્રીમાં મુકાવેલા માર્ક અને ઉત્તરવહીના માર્કની સરખામણી કરવી અશકય બની જાય છે. તેમજ આ માર્કને સરખાવવા માટે યુનિવર્સિટી પાસે અત્યાર કોઈજ વૈકલ્પિક વ્યવસ્થા પણ ઉપલબ્ધ નથી.આ કોલિંન સિસ્ટમ ક્યાં કારણે બંધ કરાઈ અને તેની વૈકલ્પિક વ્યવસ્થા કેમ નથ વિકસાવાઈ તેનો ઉત્તર ખુદ યુનિવર્સિટીનાં કુલપતી પાસે પણ નથી.